Azadi Ka Amrit Mahotsav

# સંશોધન નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮ ૧૧૦

AAU

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, દિવાળીના તહેવાર નિમિતે યુનિવર્સિટીમાં તા.૧૧/૧૧/૨૦૨૩ થી તા.૧૯/૧૧/૨૦૨૩ દરમ્યાન સળંગ રજાઓ (જાહેર રજાઓ સહિત) હોઇ યુનિવર્સિટીની માલ-મિલ્કતની સુરક્ષા અને સલામતી જળવાઇ રહે તે હેતુસર નીચેની બાબતો ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

(૧) તમામ કચેરીની બિલ્ડીંગોની ઉપર / બહારની બાજુએ મૂકવામાં આવેલ લાઇટો રાત્રિના સમયગાળા દરમ્યાન ચાલુ રાખવા અંગેની વ્યવસ્થા કચેરી કક્ષાએ ગોઠવવાની રહેશે તેમજ રજાના દિવસો દરમ્યાન કચેરીના બારી બારણા ખુલ્લા રહી ન જાય તેની સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે. આ બાબતે જે તે આચાર્ય/ડીન/યુનિટ/સબ યુનિટ વડાએ અંગત રસ લઇને ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

(૨) જેઓ મુખ્ય કેમ્પસ / પેટા કેન્દ્રો ખાતે વસાહત/કવાર્ટસમાં રહેતા હોય તે તમામ અધિકારી / કર્મચારીઓએ રજાઓના સમયગાળા દરમ્યાન પોતાના કુટુંબ સાથે કેમ્પસ છોડીને પોતાના વતન / બહારગામ જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે સલામતીના પગલાંરૂપે તેઓએ યુનિવર્સિટીની સિકયુરીટી એજન્સીને આગોતરી લેખિત અથવા સિકયુરીટી એજન્સીના નીચેના હેલ્પ લાઇન નંબર પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| સિકયુરીટી ઓફીસ | ૯૮૨૫૭ ૧૨૯૬૧ ; ૯૯૨૪૪ ૩૧૬૫૫ |

(૩) યુનિવર્સિટી મુખ્ય કેમ્પસ તથા પેટા કેન્દ્રો ખાતેના જાહેર રસ્તા તથા એપ્રોચ રોડ ઉપર સ્ટ્રીટ લાઇટો રાત્રિ દરમ્યાન ચાલુ રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે. વધુમાં, મુખ્ય કેમ્પસ ખાતે સદર વ્યવસ્થા કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી દ્વારા તથા પેટા કેન્દ્રો ખાતે સ્થાનિક કક્ષાએ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વધુમાં, કોઇ લાઇટો બંધ / ખરાબ થઇ ગયેલ હોય તો તાત્કાલિક રીપેર/બદલવાની વ્યવસ્થા કરવાની રહેશે.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૯૧૫૩ /૨૦૨૩
તા.૦૫ /૧૧/૨૦૨૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના પ્રતિ,</u>

1) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
2) કાર્યપાલક ઇજનેરશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
3) આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
4) સિકયુરીટી સુપરવાઇઝરશ્રી, ગ્રો-મોર સિકયુરીટી એન્ડ ઇન્વેસ્ટીગેશન સર્વિસ, સિકયુરીટી ઓફીસ, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા કેમ્પસમાં સલામતી જળવાઇ રહે તે હેતુસર રજાઓના સમયગાળા દરમ્યાન યુનિવર્સિટી વસાહતમાં રાત્રિ દરમ્યાન વધારાના રાઉન્ડ ગોઠવી ચોરી કે નુકસાનીના કોઇ બનાવ ન બને તે અંગેની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.